| | | |
|---|---|---|
| वर्ष : १६ | सने : २०२० | सं.२०७६ |
| अंक : ४, સળંગ અંક-१०१ आसों -ओक्टोबर | | |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૬ સને ૨૦૨૦ સં.૨૦૭૬
અંક : ૪ આસો/ઓક્ટોબર સળંગ અંક-૧૦૧

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ તીર્થાધિરાજ અને તીર્થોદ્ધાર-૪
★ સ્વાધ્યાયના મહાન લાભો - ૨
★ પુનર્જન્મ
★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**प्रतिकूलो विधिस्तेषां,**
**निर्धना ये विनिर्मिताः ।**
**प्रतिकूलतमस्तेषां,**
**सतोऽर्थान् ददते न ये ।।**

જે નિર્ધન છે તેમનું ભાગ્ય તો વાંકું છે જ પરંતુ જે ધન હોવા છતાં દાન કરતા નથી, તેમનું ભાગ્ય તો અત્યંત વાંકું છે.

દાન કરવાથી ગૌરવ વધે છે, દ્રવ્યનો સંગ્રહ કરવાથી નહિ. તેથી જ પાણી આપનાર વાદળાંઓ આકાશમાં ઉપર છે સંગ્રહ કરનાર સમુદ્ર નીચે છે !



# ★ તીર્થાધિરાજ અને તીર્થોદ્ધાર-૪ ★★★

**સંકલનઃ સંવર્ધન : પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

હવે આ ચોથા લેખમાં વર્તમાનમાં દેખાતા જિનાલયના અંતિમ યાને સોળમા જીર્ણોદ્ધારની વાત વિચારવાની છે. આ પણ ઈતિહાસ રોમાંચક છે. આ ઉદ્ધારનું શ્રેય ચિતોડની વીરભૂમિમાં થયેલા શ્રીમાળીવંશના કર્માશાહને નામે જાય છે. તેમણે આ ઉદ્ધાર માટે જબરદસ્ત પરાક્રમ - પુરુષાર્થ કરેલ છે.

આ જીર્ણોદ્ધારની વાતને આપણે ત્રણ ભાગમાં વહેંચીશું: ૧. સામાન્ય ભૂમિકા ૨. ઐતિહાસિક ઘટના અને ૩. ઉદ્ધારનું રોમાંચક વર્ણન

**૧. સામાન્ય ભૂમિકા :** સામાન્યવર્ણનમાં આપણે એ વાતને ધ્યાનમાં લેવી છે કે - આ ઉદ્ધારની જરૂર કેમ ઊભી થઈ ?

પંદરમા ઉદ્ધારમાં સમરાશાહની સ્થાપના કરેલી પ્રતિમા મુસલમાનોએ ખંડિત કરી નાખી. હા, આવી ખંડિત મૂર્તિ પણ ઘણા વર્ષોસુધી પૂજાઈ. કારણ એ હતું કે નવી પ્રતિમા સ્થાપન કરવા માટે સત્તાધારી મોગલ સમ્રાટની અનુમતિ જોઈએ. એ અનુમતિ મળતી ન હતી. એટલે આ ખંડિત પ્રતિમાની પણ શ્રદ્ધાથી પૂજા થતી રહી. ભાવ્યાત્માઓ ભાવથી ઉપાસના કરતા રહ્યા. અનુમતિ વગર નવી મૂર્તિ બિરાજમાન કરવામાં પુનઃ આક્રમણ અને ખંડિત કરવાની પૂરી દહેશત હતી. ધર્મઝનૂની આ પ્રજા જૈનધર્મની કટ્ટર વિરુદ્ધ હતી. હિંદુ અને જૈનોને તેઓ કાફર માને, તેથી દુશ્મનની અદાથી જ જુએ અને વિચારે.

મંદિરના ઉદ્ધારની વાત કે નવી પ્રતિમા બિરાજમાન કરવાની વાત તો ઘણી દૂર રહી... તીર્થ પર દર્શન કરવા જવાની અનુમતિ મેળવવાય આજીજી કરવી પડતી ! ક્યારેક રજા મળતી, ક્યારેક ન મળતી. મળે તોય મોં માગ્યા પૈસા આપવા પડતા. પૈસા આપતાંય પ્રભુનાં દર્શન મળે.... ભક્તિ મળે તો શ્રદ્ધાવંત જૈનો; હાથનો મેલ જાણી પૈસા ખર્ચીનેય દર્શન કરી લેતા. પૈસા કરતાં એ સમયે જૈનોને મન ગિરિરાજ અને તીર્થાધિપતિની ભક્તિ વધારે વહાલી હતી. એ દર્શન - સ્પર્શન - વંદન - પૂજન માટે જૈનો તડપતા હતા. અનંતા જન્મોમાં નથી મળ્યા તેવા પ્રભુ આ જન્મમાં મળ્યાની કિંમત તેઓ સમજતા હતા.

કાળ બહુસ્થાવર ગયો... ભમિયો ભવમાંહિ, વિકલેન્દ્રિય એળે ગયો, સ્થિરતા નહિ ક્યાંહિ... વળી, તિર્યંચ પંચેન્દ્રિયમાં, દેવ ! કર્મે હું આવ્યો... કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નવિ પાયો... ઈમ અનંત કાળે કરી, પામ્યો નર અવતાર, હવે જગતારક! તું મળ્યો, ભવજલ ભવ ઉતાર... આવી વાતો ચૈત્યવંદન-

છંદાદિમાં જોવા - જાણવા મળે છે... આવો વિચાર કરાય તો પ્રભુનાં દર્શન - પૂજનની કિંમત સમજાય. ગિરિસ્પર્શનનો મહિમા ગળે ઊતરે, હૃદયમંદિર પ્રભુની સ્થાપનાથી અલંકૃત બને. 'પ્રભુ ! હવે પધારો મન મંદિરમાં' એવું કહેવા મન ઉલ્લસિત થાય જ ! મનમંદિરનાં દ્વાર જિનરાજ માટે ખુલ્લાં થાય, જે આજ સુધી મોહરાજાએ બંધ રખાવ્યાં હતાં. મોહરાજા હોય ત્યાં જિનરાજ ક્યાંથી આવે ? જિનરાજ હોય તો મોહરાજને પ્રવેશ ક્યાંથી મળે ? બંને પરસ્પર વિરુદ્ધ છે. રાગ અને વિરાગની હાજરી સાથે ક્યાં સંભવે ? આગ અને પાણી સાથે ક્યાં રહી શકે ? રાત અને દિવસ સાથે ન જ રહી શકે. સૂર્ય અને ચંદ્ર આકાશમાં ભલે હોય - મતલબ, બંનેની હાજરી આકાશમાં હોવા છતાં એક જ ક્ષેત્રમાં બંનેનો પ્રકાશ સાથે હોય કે ? એક મ્યાનમાં બે તલવાર પણ સાથે ન જ હોય.

સંખ્ય - અસંખ્ય કે અનંત કાળે પ્રભુ મળતા હોય તો તેની કિંમત કેટલી ગણાય ? ૮૪ લાખ યોનિમાં ગણીએ તો પ્રભુનાં દર્શન થઈ શકે - મળી શકે તેવી યોનિ કેટલી ? માત્ર પંચેન્દ્રિયની ગતિમાં જ પ્રભુનાં દર્શન મળે તેમાંય નરક ગતિની બાદબાકી કરવી પડે. ઉપરાંત તિર્યંચગતિમાંય ભાગ્યે જ પ્રભુનાં દર્શન પ્રાપ્ત થાય. માનવમાંય આર્યદેશ આર્યકુળ વગેરે ઉત્તમ સામગ્રીના યોગ બાદ પ્રભુ મળવાની સંભાવના ગણાય, એટલે કે માત્ર ૨૨ લાખ યોનિમાં જ જિનરાજનાં દર્શન મળી શકે, બાકીની ૬૨ લાખ યોનિ તો જિનદર્શનથી હંમેશા વંચિત જ ગણાય. ૨૨ લાખ યોનિમાંય ખૂબ જ અલ્પ એવા જીવોને પ્રતિમારૂપે પણ દર્શન મળે. સાક્ષાત્ વિહરમાન ભગવાનનાં દર્શન તો ખૂબ જ જૂજ જીવોને જ મળે છે. આવો દુર્લભ સંયોગ મળવા છતાં કેટલાક જૈનકુળમાં જન્મેલા નબીરાઓને તો જિનપૂજન કે જિન દર્શનની ભાવના જ દિલમાં ઊઠતી નથી. ભાવના જ ન જાગે તો હૃદયમાં ઉછાળો, ઊમળકો ક્યાંથી આવે ? ખેર ! તે જીવો અભાગિયા જ ગણાય. ફરીથી, જ્યાં દર્શન જ ન મળે એવી યોનિમાં ચાલ્યા જાય છે.

કર્મવિજ્ઞાન અને જન્મ-મરણની જાણકારી પ્રાપ્ત થઈ હોય તો આ વાત જલદી ગળે ઊતર. ઘણા કમનસીબ જીવો જૈનકુળમાં જન્મ લેવા છતાં શ્રદ્ધાહીન હોય છે. જ્ઞાની ભગવંતોનાં નિઃસ્વાર્થ અને એકાંતે ઉપકારક ટંકશાળી વચનો તેના ગળે ઊતરતાં નથી. દિલમાં એને સ્થાન મળતું નથી. આસ્થા - શ્રધ્ધાને અવકાશ મલે જ ક્યાંથી ? પૈસાનો પૂજારી પ્રભુથી દૂર રહે તેમાં નવાઈ નથી. પ્રભુનો પૂજારી પૈસાથી દૂર જ રહે તેવો નિયમ ન બનાવાય. મતલબ, પ્રભુના પૂજારી પાસે અઢળક પૈસો હોઈ શકે છે, ત્યારે તો આટલાં જિનાલયોનાં, જિનબિંબોનાં નિર્માણ અને



વિવિધ ભક્તિનાં દર્શન શક્ય બને ! પરંતુ એ પૈસાનો ગુલામ તો ન જ હોય. પૈસાના ભોગે તેને પ્રભુ મળે તો ચાલે પણ પ્રભુના ભોગે (પ્રભુને કે પ્રભુ ભક્તિ છોડીને) પૈસા મળે તે તેને હરગીજ ન ખપે. આવા ભક્તોથી જ ઇતિહાસ સમૃદ્ધ બને છે. આવા જીવોને ધન કરતાં, ભૌતિક સુખો કરતાં ધર્મ વધારે પ્રિય હોય છે.

ધર્મની સુરક્ષા માટે ક્યારેક ધર્મ ઉપયોગમાં આવ્યો છે, ક્યારેક ધન ઉપયોગી બન્યું છે, ક્યારેક સંબંધો જવાબદાર પુરવાર થયા છે તો ક્યારેક શામ-દામ-દંડ-ભેદની નીતિ નિર્ણાયક સાબિત થઈ છે. મુસલમાનો સામે બળથી કામ લેવાય તેમ નથી, ત્યાં તો કળથી જ કામ લેવું પડે છે. બળ અને કળનો યથાસ્થાને ઉપયોગ કરવામાં આવે તો જ યોગ્ય કાર્ય થાય. કળની જગ્યાએ બળ અને બળની જગ્યાએ કળ વાપરે તો ઈષ્ટ પરિણામ ન મળે. હા, ક્યારેક કળ અને બળ બંનેનો ઉપયોગ પણ કરવો પડે છે. આનો નિર્ણય જ્ઞાન અને વિવેકના માધ્યમથી કરવો હિતાવહ છે.

એ મોગલોના કાળમાં ઘણી અંધાધુંધી ચાલી. ઘણાં ઘણાં વર્ષો સુધી આવી નાદીરશાહી ચાલી. તાનાશાહીનો ઘેરો પડછાયો ભારતદેશ પર રહ્યો. હા, એટલા માત્રથી જૈનાચાર્યોથી લઈ જૈનશ્રાવકો હતાશાનો ભોગ નથી બન્યા. એના માટે યોગ્ય સમયની રાહ જોઈ એ વાત જુદી. ક્યારેક તો આવી તાનાશાહી સામે અવાજ ઉઠાવ્યો છે, આપણા સાત્ત્વિક ધર્માત્માઓએ ! પરિણામે મુસલમાનોને ય ઝૂકવું જ પડ્યું હતું! 'હિંમતે મર્દા તો મદદે ખુદા' આ કહેવત અમસ્તી નથી પડી. કાશ ! એમાં પ્રાણ સટોસટનો ખેલ ખેલવો પડે છે. આવા પ્રસંગે પ્રાણ અર્પણ કરનારો શહીદ અથવા સાચો બલિદાન કરનારો ગણાય છે. પરિવાર માટે મૃત્યુને ભેટનારો ક્યારેય શહીદ ન જ ગણાય એમાં. તો સ્વાર્થ રહેલો છે. સ્વાર્થી જીવોની તો સંસારમાંય કદર થતી નથી, ધર્મના ક્ષેત્રમાં ક્યાંથી થાય ?

સિદ્ધાચલની વાત કરીએ તો તે જમાનામાં ગિરિરાજની આ દુર્દશા જોઈને જૈનોની આંખો ચોધાર આંસુ વહાવતી હતી ! ધર્મ-ધર્મક્ષેત્ર-તીર્થક્ષેત્ર-તીર્થના પ્રાણ સ્વરૂપ પરમાત્માની આવી દશા જોયા પછી કયા ધર્માત્માને પીડા ન થાય ? પીડા થાય તો એ આંસુરૂપે દૃષ્ટિગોચર થાય છે.

અંધકારમાં નાની ચિનગારી પ્રગટે તો અંધકારનો વિનાશ શક્ય બને છે, તે જ રીતે વિક્રમની સોળમી સદીના ઉત્તરાર્ધમાં સિતોડની વીર ભૂમિમાં, સપુત વીર કર્મશાહનો શ્રીમાળીવંશમાં જન્મ થયો. એ પુણ્યાત્મા - સાત્ત્વિક ધર્માત્માએ આ તીર્થનો ૧૬મો ઉદ્ધાર કર્યો. તે પછી આટલી દયનીય સ્થિતિ જોવા મળી નથી.

એટલું જ નહિ, દિનપ્રતિદિન અધિક - અધિક તીર્થોન્નતિ જોવા મળી રહી છે. એમાં વળી, જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી મ.ના અપૂર્વ સામર્થ્યથી આ તીર્થની ઉન્નતિને સહસ્રશઃ વેગ મળતો ગયો. તેના યોગે જ આજે આ તીર્થ તીર્થાધિરાજ મંદિરોની નગરીમાં ગણના પામે છે. મતલબ, સેંકડો જિનાલયો, હજારો જિનપ્રતિમાઓથી આ તીર્થ; જિનાલયોનું નગર કહેવાય છે !

આજે જે જિનાલય અડીખમ ઊભું છે, તે કર્માશાહના ઉદ્ધારને આભારી છે. એ જ જિનાલય અને એ જ પ્રતિમા આજે સેંકડો સાલથી પૂજાય છે. હજારો - લાખો યાત્રિકો લગભગ દરમહિને યાત્રા કરે છે. ૫૦૦ વર્ષ પૂરાં થવાની તૈયારી છે. એ પંચશતાબ્દીની ઉજવણી માટેની તડામાર તૈયારી પણ ચાલું થઈ ગઈ છે. કરોડો રૂપિયાનું ફંડ પણ નાની યોજના દ્વારા ઊભું થઈ ગયું છે. એ વર્ષે જૈનો ધન - કંચનની વર્ષા કેવી કરશે એનાં એંધાણ અત્યારથી જ મળી રહ્યાં છે. ભૂતકાળની જેમ તમારે પ્રાણની આહુતિ નથી આપવાની, માત્ર ધનના મમત્વનો જ ત્યાર કરવાનો છે. એટલે કે ધનની જ કુરબાની કરવાની છે. પાપલક્ષ્મીને પુણ્યલક્ષ્મી બનાવવાની છે. ખેડૂતની ભાષામાં વાત કરીએ તો આ ત્યાગ નથી, વાવેતર છે. વાવણીની વેળા છે, વાવી લો, ભાઈ ! વાવી લો... વગેરે પ્રયોગ આવા અર્થમાં જ થાય છે.

હાલ તો હજારો - લાખો યાત્રિકો વંદન - પૂજન - દર્શન કરી પોતાની જાતને ધન્ય - કૃતાર્થ માને છે. જેટલો ખર્ચો તે જમાનામાં નહીં થયો હોય તેનાથી વધારે તો પ્રત્યેક વર્ષે આવક આ તીર્થમાં થાય છે. કેવા ભાવ હશે તે સમયે પ્રભુ ભક્ત કર્માશાહના ? કેવા ભાવો હશે પ્રતિષ્ઠાચાર્ય વિદ્યામંડનસૂરિજી મહારાજાના ? કેવા ભાવોની ભરતી આવી હશે તે સમયે ઉપસ્થિત ચતુર્વિધ સંઘના ભાગ્યશાળીઓનાં દિલમાં? જે પુણ્યાત્માઓએ આમાં કોઈપણ રીતે ભાગ લીધો હશે, તે તમામ ધન્યવાદને પાત્ર છે !

(ક્રમશઃ) ધ

## ★ સ્વાધ્યાયના મહાન લાભો - ૨ ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

સ્વાધ્યાય કરનાર જીવ જેમ દુર્ધ્યાનથી બચી જાય છે, શુભધ્યાનના આશ્રયવાળો બને છે, તેમ ચાર વિકથાથી બચી જાય છે. વચનની પ્રવૃત્તિથી થતાં ઘણાં પાપોને બ્રેક લાગે છે. પાંચે પ્રમાદો ઉપર અંકુશ આવી જાય છે. પાંચ પ્રકારના પ્રમાદમાં પાંચમા નંબરે વિકથા છે. ૧ મદ્ય-કેફી પદાર્થોનું સેવન ૨. પાંચ ઇન્દ્રિયના વિષયોનું આકર્ષણ ૩. ક્રોધ-માન-માયા અને લોભરૂપ ચાર કષાયોની પરાધીનતા ૪. જરૂરી છ કલાકની ઊંઘથી વધારે સૂવું અને ૫. સ્ત્રીકથા, આહાર (ભોજન) ની



કથા - દેશકથા અને રાજ્યની કથા : આ ચાર વિકથાના પ્રકાર છે.

સ્વાધ્યાયનો પ્રેમી વ્યસનથી સહજ બચી શકે છે. સ્વાધ્યાયમાં રમમાણ જીવને ઇન્દ્રિયના વિષયો તરફનું આકર્ષણ નષ્ટ થવા માંડે છે. એ તરફના વિચારોને અવકાશ મળતો નથી. શાસ્ત્રનાં ટંકશાળી વાક્યોદ્વારા એના અનર્થોનું વારંવાર ચિંતન - મનન થાય છે. વિષયોના થોડા સમયનાં - ટૂંકાગાળાનાં ભૌતિકસુખો પાછળનાં કાતિલ દુઃખોનાં દર્શન થાય છે. ભૌતિક સુખોની ક્ષણ ભંગુરતાનો ખ્યાલ આવે છે. 'ભૌતિકસુખ' શબ્દ જ માત્ર લોભામણો છે, એવો સ્પષ્ટ બોધ થાય છે. ભૌતિક સુખની પાછળ પડેલા જીવને મળનારાં મહાભયંકર દુખો અને આવનારી દુર્ગતિનો વિચાર સ્વાધ્યાય કરતાં કરતાં ધ્યાનમાં આવવાથી તે આવા પદાર્થોથી ઉભગી જાય છે. એની પાછળ અધ્યાત્મભાવ ઘવાતો દેખાય છે. આત્મગુણોની થતી હાનિ એ જીવને અકળાવે છે. સ્વાધ્યાયદ્વારા આવતો ભીતરનો સહજાનંદ વધારે ખુશી આપે છે, આવું જણાવાથી ભૌતિકતાનો રસ મરી પરવારે છે. આત્મમસ્તીની અનુભૂતિમાં જીવ ડૂબેલો રહે છે. વધુ ને વધુ સ્વાનુભૂતિ તરફનું સહજ આકર્ષણ થાય છે.

સ્વાધ્યારસિક જીવને દુનિયાનાં સુખો શેરડીના કૂચા જેવાં અથવા રેતીના કેળિયા જેવાં લાગે છે. નીરસતા આવી જાય છે. સ્વાધ્યાયમાં લીન આત્માને સમય ક્યાં પસાર થઈ ગયો તેનોય ખ્યાલ રહેતો નથી. ભગવાન શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા રાત્રે સ્વાધ્યાય કરવા બેસતા... સવાર પડી જતી ! ન ઊંઘ આવે કે ન કંટાળો...!! સ્વાધ્યાયનો અપૂર્વ રસ જ તેઓ અનુભવતા. સ્વાધ્યાયપ્રેમી જીવ વિષયોના આવર્તોમાં ફસાતા નથી. પાંચ ઇન્દ્રિયના વિષયોને ભગવતી સૂત્ર વગેરેમાં બે ભાગમાં વહેંચી દીધા છે. એને સંજ્ઞા આપી છેઃ કામ અને ભોગ...! સ્વાધ્યાયથી એવી પરિણતિ ઘડાય છે કે - આ કામ ભોગો તેને આત્માના શલ્યરૂપ લાગે છે. આત્મગુણોને મારી નાખનારા ઝેર તરીકે જણાય છે. આગળ વધીને એ કામ-ભોગો તેને ભોરિંગ જેવા ભાસે છે. અરે! એ શલ્ય-ઝેર કે ભોરિંગ તો એક જ વાર મોતને ઘાટ ઉતારે, એક જ વાર પીડા આપે, જ્યારે વિષયો તો જન્મોજન્મ (કેટલાય જન્મો) સુધી પીડા આપનાર બને છે. આવો ખ્યાલ આવ્યા પછી ક્યો જીવ કામ-ભોગના રવાડે ચઢે ? સુખનો અભિલાષી જીવ આવી દુઃખમય સ્થિતિનું દાન કરનાર વિષયોનો ગુલામ કઈ રીતે બની શકે ?

વાચના સ્વાધ્યાયનો રસ વૃદ્ધિ પામે છે ત્યારે બાકીના દુનિયાના તમામ રસ ફિક્કા લાગે છે. સ્વાધ્યાય તો સંજીવની છે , એમ શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે. આત્મગુણો એટલે આત્માના ભાવપ્રાણોને ટકાવવાનું કાર્ય આ સ્વાધ્યાયનું છે.

સ્વાધ્યાયને શ્રમણજીવનનો પ્રાણ ગણ્યો છે. જ્ઞાન વગર તો જાણકારી ક્યાંથી મળે? જ્ઞાન વગર શ્રદ્ધા ક્યાંથી જાગે ? ભાવ વગર કલ્યાણ કઈ રીતે થાય ? સ્વનો - જાતનો ખ્યાલ કરાવે તે સ્વાધ્યાય. મતલબ, સતત આત્મજાગૃતિનું કાર્ય સ્વાધ્યાયથી થાય છે. જે સ્વનો ખ્યાલ જ ન કરાવે તેને, જ્ઞાન કે સ્વાધ્યાય કઈ રીતે કહેવાય ? જગતનું જ્ઞાન ગમે તેટલું હોય પરંતુ આત્માનું જ્ઞાન ન હોય, આત્માની જાણકારી ન હોય તો કોઈ અર્થ નથી. તે વાસ્તવિક જ્ઞાન જ નથી. શ્રી આચારાંગ સૂત્રમાં જણાવ્યું છે કે, જો એગં જાણઈ, સો સવ્વં જાણઈ... મતલબ, જેણે એક આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું, એમ કહેવાય. આનો અર્થ એ થયો, જે આત્માને નથી જાણતો તે અજ્ઞાની છે.

આગળ વધીને શાસ્ત્રકાર ભગવંત એમ પણ જણાવે છે કે - તે જ્ઞાન; જ્ઞાન નથી કે જે આવ્યા પછી આત્મામાં રાગ-દ્વેષ-મોહ વગેરે રહી કે ટકી શકે ! નહીંતર તો એમ કહેવાય કે સૂર્યનાં કિરણો આવ્યા પછી - સૂર્યનો ઉદય થયા પછી પણ અંધકાર ટકી રહ્યો ! સૂર્યનાં કિરણોની સામે અંધકાર કઈ રીતે ટકી રહી શકે ? તે જ રીતે સમ્યગ્જ્ઞાન આવ્યા બાદ રાગાદિનો સમૂહ ન જ ઊભો રહી શકે... ભાગી જ જાય. સ્વાધ્યાય કર્મની નિર્જરા માટે પણ મહત્ત્વનું અંગ છે.

વાચના અને પૃચ્છના નામના સ્વાધ્યાય પછી ત્રીજા નંબરે આવે છે. પરાવર્તના સ્વાધ્યાય. આ સ્વાધ્યાયમાં ભણેલાને પુના પુનઃ યાદ કરવાનું હોય છે. વારંવાર પુનરાવર્તન કરવાથી તે સૂત્રાદિ ભૂલાતાં નથી. એનાં રહસ્યો સમજવાં સહેલાં બને છે. પદાર્થો ચિરપ્રતિષ્ઠિત થાય છે. ભણેલું ભૂલવાથી પણ જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે. પ્રમાદ વગેરેના યોગ મોહનીયકર્મ ગાઢ બંધાય છે. શક્તિનો ઉપયોગ ન કરવાથી વીર્યાન્તરાયકર્મનોય બંધ થાય છે. મોટા ભાગના જીવોને ગામ-ગપાટામાં, નિંદા-કુથલીમાં ખૂબ રસ હોય છે. એમાં થાક-કંટાળો-ઊંઘ વગેરે નથી આવતાં... પરંતુ સ્વાધ્યાયની વાત આવે ત્યાં થાક - કંટાળો ઊંઘ વગેરે ચારે બાજુથી ઘેરી વળે છે... અનાદિ કાળથી પડેલા કુસંસ્કારો અને મોહના સંસ્કારો જીવને (સમ્યગ્)જ્ઞાન અને સ્વાધ્યાયથી દૂર રાખે છે.

જૂની માન્યતા હતી...'ડાચાં એટલાં હાચાં' મતલબ, જેટલું મોંઢે હોય તેટલું જ સાચું. પુસ્તકમાં જોવાની વાત ન હોવી જોઈએ. ભગવાનની હાજરીમાં તથા તે પછી પણ સેંકડો વર્ષો સુધી મોંઢે જ આગમ ભણાવાતાં હતાં. દુકાળ વગેરેના કારણે સ્વાધ્યાયના અભાવે એ આગમો ભૂલાવા લાગ્યાં ત્યારે એને પુસ્તકારૂઢ કરવાની ગીતાર્થગુરુ ભગવંતોને આવશ્યકતા લાગી અને ભગવાનના નિર્વાણથી ૯૮૦ વર્ષે



આગમોનું લેખન શરૂ થયું. પૂરો આહાર વગેરે ૧૨-૧૨ વર્ષના દુકાળના યોગે ન મળતાં સ્વાધ્યાય કરવાની ક્ષમતા પણ ઘટી ગઈ. શરીર નબળાં પડવા લાગ્યાં. ત્યારે વલ્લભી અને માથુરી બે વાચનાઓ થઈ. તે સમયે ગ્રંથોનું આલેખન થયું. સાથે સાથે બુદ્ધિબળાદિની હાનિ પણ કાળના પ્રભાવે થવા લાગી, તે પણ કારણ જવાબદાર હતું. બાકી સ્થૂલભદ્રસ્વામી જેવા વિશિષ્ટ પ્રજ્ઞા સંપન્ન મુનિવર રોજની ૭ - ૭ વાચના મોંઢે જ લેતા હતા ! વાચના લેનાર અને આપનાર બંને તેવા પ્રકારની સ્મરણશક્તિ - ધારણાશક્તિવાળા હતા. હા, આટલી પ્રજ્ઞાવાળા હોવા છતાં તેઓ રોજ પ્રમાદ છોડી સ્વાધ્યાય કરતા હતા. સ્વાધ્યાયમાં પ્રમાદ આવી જાય ને તે સમયે આયુષ્યનો બંધ પડી જાય તો નિગોદમાં ચાલ્યા જવું પડે છે ! સ્વાધ્યાયમાં વિઘ્ન ઊભું કરનારું તત્ત્વ આ પ્રમાદ જ છે. એક તરફ પ્રમાદનું નુકશાન જુઓ, બીજી તરફ સ્વાધ્યાયના લાભનો વિચાર કરો. કેટલું અંતર છે, બે વચ્ચે ? સ્વાધ્યાયની અપ્રમત્તતા કેટલે ઉપર ચઢાવે છે ? તો સ્વાધ્યાયમાં થતો પ્રમાદ કેટલે નીચે ઉતારી દે છે ? નરક કરતાંય જ્યાં વિશેષ પીડા છે... વળી, ત્યાં તો (સૂક્ષ્મ નિગોદમાં) એક શ્વાસોશ્વાસમાં સાડાસત્તર ભવ કરવા પડે છે. આ જન્મ મરણની પીડા નાની - સૂની નથી. મરણ નારકી સિવાય કોને ગમે ? નરકના આયુષ્ય સિવાય ત્રણેગતિનાં આયુષ્યને પુણ્યપ્રકૃતિમાં ગણ્યાં છે. માત્ર નરકાયુને જ પાપપ્રકૃતિમાં ગણેલ છે.

કોઈપણ પ્રકારના ધર્મમાં પ્રમાદ એ મોટો દોષ છે. તેમાં વળી, સ્વાધ્યાયનો પ્રમાદ તો આત્માનો શત્રુ છે. આત્મગુણોનું મોત છે. આ અપરાધની સજા મોટી છે. ધર્મરાજાના શરણે આવ્યા પછી મોહરાજાની આજ્ઞા માને તો માઠાં ફળ મળે જ ને? જેના તાબામાં હોઈએ એનો હુકમ ન માને, એના કહ્યામાં ન રહે અને બીજાના કહ્યા પ્રમાણે કરે તો તે બંને બાજુથી સિદાય જ. મોહના ઈશારે ચાલે તેને ધર્મરાજા કઈરીતે સાચવી શકે? કઈ રીતે સુરક્ષા આપી - કરી શકે ? જે પ્રમાદે અનાદિકાળથી જીવને ઠગવાનું જ કામ કર્યું હોય, ઊઠા ભણાવીને ઉન્માર્ગે ચઢાવી દીધા હોય, સંમોહન કરીને પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ કર્યા હોય... તે પ્રમાદના જ હવાલે થનારને ધર્મરાજાય ક્યાંથી બચાવી શકે ? એ બિચારા જીવની દશા તો 'અતો ભ્રષ્ટં તતો ભ્રષ્ટં' જેવી જ થાય. તે ક્યાંયનો ન રહી શકે. દુશ્મનના ઘરમાં રહેનારો સુખી ક્યાંથી થઈ શકે ? પોતાના ઘરમાં રહેવા ન જઈ શકે ત્યાં સુધી મિત્રના ઘરમાં રહેવું જોઈએ. દુશ્મનના ઘરમાં તો ક્ષણવાર ન રહેવાય. ત્યાં તો જાનહાનિ - માલહાનિ - માનહાનિ વગેરે ઘણા ઉપદ્રવોની સંભાવના રહેલી જ હોય છે.

સ્વાધ્યાય જેનો કરવાનો છે, તે શ્રુતના મૂળ કહેનારા - અર્થથી પ્રકાશન કરનારા તીર્થંકર પરમાત્મા છે. આ સ્વાધ્યાય મોક્ષનું પ્રધાન - શ્રેષ્ઠ અંગ છે. તીર્થંકરપદની પ્રાપ્તિ કરાવવા સુધીનું સામર્થ્ય આ સ્વાધ્યાય યોગમાં છે. સ્વાધ્યાય કરનારા આત્મા માટે એવી કોઈ વસ્તુ નથી કે જેના પરમાર્થને તે ન જાણે. શાસ્ત્રના માધ્યમથી તે સર્વ પદાર્થોને જુએ છે ને જાણે છે. જેમ કે - જે જવાબ કેવલજ્ઞાની આપે તે જ જવાબ ચૌદપૂર્વના જાણકાર શ્રુતજ્ઞાની આપે છે. મતલબ કે કેવલજ્ઞાનીના જવાબમાં અને ચૌદપૂર્વી(શ્રુતકેવલી)ના જવાબમાં કોઈ જ ફરક હોતો નથી. એક પ્રત્યક્ષજ્ઞાનથી જવાબ આપે છે જ્યારે શ્રુતકેવલી શાસ્ત્રના આધારે જવાબ આપે છે. આનો અર્થ એ પણ થયો કે - જૈનશાસનના શ્રુતજ્ઞાનમાં ક્યાંય અસત્યનો અંશ નથી. સત્યથી નીતરતાં એ આગમ-શાસ્ત્રો છે. સત્યથી વેગળું કાંઈ પણ, કોઈએ પણ ગ્રંથમાં લખ્યું તો તેનો એ ગ્રંથ અમાન્ય કરવામાં આવ્યો છે. ક્યારેક જલશરણ કરવામાં આવ્યો છે ઈતિહાસનાં પાને આવાય દાખલાઓ નોંધાયેલા છે ! આપણાં આગમો ૩૨ દોષથી રહિત અને આઠ ગુણથી યુક્ત હોય છે, એવું આવશ્યકનિર્યુક્તિમાં જણાવ્યું છે.

વળી, સ્વાધ્યાય કરનારની સદ્ગતિ જ થાય છે. પ્રત્યેક ક્ષણે તેને નવા નવા સંવેગના ભાવો જાગ્રત થાય છે. સંવેગની ટોચે પહોંચાડી દે છે, આ શાસ્ત્ર સ્વાધ્યાય (શાસ્ત્રનાં વચનો) અસ્થિર થયેલા ચિત્તન સ્થિર કરે છે. વચનરૂપી વાઘણ માટે વજ્રના પાંજરાતુલ્ય છે. કાયારૂપી હાથીને માટે અંકુશ સમાન છે. માટે હે ભવ્યાત્માઓ ! અન્યના દોષોની ચિંતારૂપી વ્યાપારનો ત્યાગ કરી મોક્ષદાયક જિનવચનોનો આ સ્વાધ્યાય આદરપૂર્વકં કરો. આગળ વધીને પ્રથમ પ્રકારના વાચનારૂપી સ્વાધ્યાયનો પુરુષાર્થ ક્યાં સુધી કરવો તેની જાણકારી આપતાં શાસ્ત્રકાર ફરમાવે છે કે - એક દિવસમાં (૨૪ કલાકમાં) એક પદ યાદ રહે, ૧૫ દિવસમાં અડધો શ્લોક કંઠસ્થ થાય ત્યાં સુધી; ભણવાની ઈચ્છાવાળાએ પુરુષાર્થ છોડવો નહિ. આનો અર્થ થયો કે - ગાથા નથી થતી, યાદ નથી રહેતું, ભણેલું ભુલાઈ જાય છે... વગેરે વિચારીને હતાશ ન થવું... પુરુષાર્થ ચાલુ રાખવો. યાદ ન રહેવામાં માત્ર ક્ષયોપશમનો જ કે બુદ્ધિનો જ દોષ હોય છે, એવું નથી. રસ પડે ત્યાં બધું જ યાદ રહે છે ને ? કોઈએ આપેલી ગાળ, કરેલું અપમાન અક્ષરશઃ કેટલાંય વર્ષો સુધી એવું ને એવું જ યાદ રહે છે, તે કેવી રીતે ? સમ્યગ્જ્ઞાનનો રસ જાગે તો કાંઈ જ અઘરું કે કઠિન નથી.

સમ્યગ્જ્ઞાનની જરૂરિયાત જણાય તો પુરુષાર્થ પણ પાવરફૂલ થઈ જાય. બંધ થઈ ગયેલી સમ્યગ્જ્ઞાનની દુકાનમાં મોટા પાયે કમાણી-આવક થવા માંડે તે વ્યાપાર ક્યારેય બંધ ન થાય. એ વ્યાપારમાં આવક વધવાથી રસ પણ વૃદ્ધિ પામે. એકવાર



રસ આવ્યા પછી સતત સ્વાધ્યાય કરવાની વૃત્તિ ઊભી થઈ જાય છે. આ વૃત્તિ જ પ્રવૃત્તિ કરાવે છે. હવે સ્વાધ્યાય જ તેને શ્વાસોશ્વાસ જેટલો મહત્ત્વનો લાગે છે. શ્વાસોશ્વાસ વગર જીવન ન હોય તેમ સ્વાધ્યાય વિહોણું જીવન જ ન હોય તેવું એ માને છે. આ સ્વાધ્યાયની વૃત્તિ-પ્રવૃત્તિ દ્વારા જાગેલાં સંસ્કાર નવા જન્મમાંય કામ લાગે છે. અલબત્ત, સ્વાધ્યાયથી અવિચ્યુતિ ધારણા બંધાય છે. તે સ્થિર થયેલી ધારણા નવા જન્મમાં જાતિસ્મરણજ્ઞાન વગેરે ઘણા લાભનું કારણ બને છે. તિર્યક્ જૃંભક દેવના ભવમાં કરેલા કંડરીક - પુંડરીક અધ્યનના સતત સ્વાધ્યાયના પ્રભાવે જ વજ્રસ્વામીને માત્ર છ મહિનાની ઉંમરે જાતિ સ્મરણજ્ઞાન થયું હતું. એટલું જ નહિ, ચારિત્રની ભાવના (જે પૂર્વના દેવના ભવમાં મેળવવાની લાલસા ઊભી થઈ હતી) પૂર્ણ થઈ. એટલે કે ચારિત્ર જેવી દુર્લભ ચીજ સુલભ બની ગઈ. આ બધો જ પ્રભાવ સ્વાધ્યાયનો જ હતો - છે.

(ક્રમશઃ) ધ

## ★ પુનર્જન્મ ★★★

### પુનર્જન્મ એ એક વાસ્તવિક ઘટના છે!

એક જર્મનને જર્મનની બહાર બીજા કોઈ દેશમાં નોકરી જોઈતી હતી. એ માટે છાપામાં એણે જાહેરખબર પણ છપાવી હતી.એક જ જવાબ એને મળ્યો, અને તે સ્વીડનથી-જે સ્વીકારીને કામ પર ચડવા તે સ્વીડન ઊપડી ગયો.

થોડાં અઠવાડિયાં પછી એક સવારે ઊઠતાં એને એકાએક થઈ આવ્યું, જાણે પોતાને સ્વીડિશ ભાષા સંપૂર્ણ રીતે બોલતાં અને વાંચતાં આવડે છે! પોતે જાણે નાનાથી મોટો પણ અહીં રહીને જ થયો ન હોય?

જાણીતા અમેરિકન સંશોધક બ્રાઉનવેલે આ કિસ્સો નોંધ્યો છે. એ જર્મનને પોતે અંગત રીતે ઓળખતા હોવાનું જણાવીને મજકૂર કિસ્સો તદ્દન ખરો હોવાનું તેમણે વિશ્વાસપૂર્વક કહ્યું છે.

આ તો એક જ કિસ્સો થયો. આવા બીજા અસંખ્ય અને તરેહવાર વિચિત્ર કિસ્સાઓ નોંધાયા છે, જેના પરથી મને પ્રતીતિ થઈ છે કે પુનર્જન્મ એ પૌરાણિકમાન્યતા નહિ બલકે ખરી-અનુભવસિદ્ધ હકીકત છે. એ વર્ણવતાં પહેલાં મૃત્યુ પછીના જીવન વિષેના મારા થોડા વિચારો જણાવી દઉ.

અપણે બધા જ આ આધ્યાત્મિક ઉત્ક્રાંતિના નોખાનોખા તબક્કે ઊભા છીએ. આપણામાંના ઘણા અહીં આ પૃથ્વી પર અનેકવાર આવી ગયા છે. કોઈવાર કોઈ અજાણી વ્યકિતને મળતાં પણ તેની સાથે આપણને ભવોભવનો નાતો ન હોય એવી ગાઢ આત્મીયતા નથી બંધાઈ જતી? આ જાતની દેખીતા કશા કારણ વિનાની

ગાઢ આત્મીયતાનું કયું કારણ હોઈ શકે? અલબત્ત, એ કારણ છે આધ્યાત્મિક ઉત્કાંતિમાં બંનેના સમાન વિકાસ ને કક્ષા. આપણા જીવાત્માને આ બધું કદાચ ન પણ સમજાય, પરંતુ આપણા અંતરાત્માને તો તેની બરાબર પ્રતીતિ હોય છે.

મને ઘણા પૂછે છે કે, જો પુનર્જન્મ એ સત્ય બિના હોય તો આપણે ફરી જન્મ લેતી વખતે અન્ય કોઈ પ્રાણિયોનીમાં પ્રવેશીએ ખરી કે નહિ?

કયારેક એક જ જાતનાં લક્ષણો પુનર્જન્મમાં પણ ચાલુ રહે છે. દાખલા તરીકે, પુનર્જન્મ પામેલા સંગીતકારને સંગીત માટે પહેલાના જેવું જ આકર્ષણ રહે. આ વખતે પહેલાં કરતાં તે સંગીત-સાધનામાં ઘણો આગળ વધી જાય, એમ પણ બને. આ પરથી અમુક બાળકોએ ત્રણ-ચાર વર્ષની નાદાન વયથી જ સંગીતમાં અદ્‌ભુત પ્રતિભા દેખાડ્યાનું આપણે જે વખતોવખત જોઈએ, વાંચીએ, સાંભળીએ છીએ તે માટે ખુલાસો મળી રહે છે. પૂર્વજન્મની સાધનાને લીધે, અજ્ઞાતપણે તદ્દન કાચી ને અણસમજુ વયે પણ જુદી જુદી વ્યકિતઓ જુદાં જુદાં ક્ષેત્રે અદ્‌ભુત પ્રતિભા દર્શાવી શકે છે.

આપણને બધાને એક યા બીજે સમયે-સમયે આ અનુભવ તો અવશ્ય થાય જ છે કે, કો'ક જગ્યા અજાણી ને નવી હોવા છતાં આપણને લાગે છે કે આ જગ્યાએ આપણે આ પહેલાં એકાદ વાર તો આવી જ ગયા છીએ. બીજી વખતે આપણે એવી જ કોઈ અજાણી વ્યકિતને મળીએ, છતાં આપણને એવું લાગે છે કે જાણે આ વ્યકિતને જન્મારાથી ઓળખીએ છીએ. હું માનું છું કે આવા કિસ્સાઓ ખરેખર પૂર્વજન્મની ઝાંખી રૂપે જ હોય છે.

પુનર્જન્મનો સામાન્યતઃ સૌ કોઈ જ્યાં સ્વીકાર કરે છે, એ એશિયાખંડમાં આવા કિસ્સાઓમાં અત્યારનો સૌથી વધુ જાણીતો કિસ્સો કદાચ દિલ્હીની શાંતિદેવીનો છે, જેનાં સત્યાસત્યની આજ સુધીમાં અનેકવાર ખાતરી કરી જોવામાં આવી છે. ફક્ત ચાર વર્ષની ઉંમરે એણે એના પૂર્વજન્મની વાતો કરવા માંડેલી, પરંતુ એની બાળકબુદ્ધિ ગણીને એનાં માબાપે એ તરફ ખાસ લક્ષ આપેલું નહીં. એ કહ્યા જ કરતી કે પોતે ગયા ભવમાં મથુરામાં હતી. એ નવ વર્ષની થઈ ત્યારે તપાસ કરતાં મથુરામાં તેના ગયા ભવનાં સગાં-સંબધી, ઘર-ખોરડાં વગેરે મળી આવ્યાં હતાં.

ફીલ્ડિંગ હોલે લખેલું 'ધ સોલ ઓફ એ પીપલ' પુસ્તક ૧૮૯૮થી ઈંગ્લૅન્ડમાં ઘણું જાણીતું છે. એમાં પોતે બ્રહ્મદેશમાં જોયેલા અને જાણેલા પૂર્વજન્મના અનેક કિસ્સા ટાંક્યા છે, જે પૈકીનો એક કિસ્સો જોડિયાં બાળકોનોં છે. આ બાળકો કહેતાં કે ગયા ભવમાં પોતે પતિ-પત્ની હતાં અને બન્નેને એકબીજા માટે ઘણી માયા હતી.



બીજો કિસ્સો છે સાત વર્ષની એક બાળાનો. તેણે પોતાના પૂર્વજન્મની અનેક વાતો ફીલ્ડિંગ હોલને જણાવી હતી. એ કહેતી કે 'ગયા ભવમાં હું પુરુષ હતી અને મેરિયોનેટ થિયેટર ચલાવતી હતી. મેં ચાર વાર લગ્ન કરેલું. ત્રીજી વારની મારી પત્નીએ મને ખભે ખંજર હુલાવી દઈને મારું ખૂન કરેલું.'

સૌથી સૂચક વાત તો એ છે કે, આ બાળા ત્રણ વર્ષની ઉંમરે કોઈ પણ પ્રકારના શિક્ષણ વિના મેરિયોનેટ 'પૂતળી' ને નચાવી શકતી ને એ વખતે વપરાતાં કેટલાક સંવાદો પણ બોલી જતી!

પાશ્ચાત્ય દેશોમાં ય આવા કિસ્સાઓ બને છે, પરંતુ તેની નોંધ રાખવાનો પ્રયાસ કોઈએ કરેલો નથી. એવા પણ કિસ્સા છે, જેમાં બાળકો કોઈ પણ જાતનાં શિક્ષણ કે મહાવરા વગર પરદેશી ભાષા ઝપાટાબંધ બોલ્યે જતા હોય. ૧૯૧૪માં નોર્વેમાં હોફ ખાતે રહેતા શિક્ષક એસ્બ્વોર્ન ફલુકને ત્યાં એક સાથે જન્મેલી ત્રણ બાળકીઓનો એક કિસ્સો નોંધાયો છે. એ બાળકીઓ બેથી ચાર વર્ષના ગાળા દરમિયાન અંદર અંદર વાત કરવા માટે કોઈ અજાણી જ ભાષાનો ઉપયોગ કરતી.

એ વહેલી સવારે ઊઠી જતી અને અંદરો-અંદર પેલી અજાણી ભાષામાં વાતચીત કરવા માંડતી. એનો બાપ તે ધ્યાનપૂર્વક સાંભળતો, પણ એ કઈ ભાષા હશે તે કહી શકતો નહીં. એને લાગતું કદાચ ફિનિશ ભાષા હોય. વર્ષ પછી આ બાળકીઓએ તે ભાષામાં બોલવાનું બંધ કર્યું.

આ જ જાતનો બીજો એક કિસ્સો ફિન્લેન્ડમાં જોડિયા બાળકોનો નોંધાયો છે. બીજા કિસ્સાઓ ફ્રાન્સ, ઈંગ્લેન્ડ અને કેનેડામાં બનેલા નોંધાયા છે.

પુનર્જન્મના વિરોધીઓનું કહેવું છે કે પુર્વજન્મની આ જાતની અનુભુતીઓ તો નબળા મનમાં ઘર કરી ગયેલા ભ્રમને કારણે જ થતી હોય છે. પરંતુ જ્યાં પ્રત્યક્ષ પુરાવા મળી શકે તેમ હોય ત્યાં એને ભ્રમ તો શી રીતે ગણી શકાય?

પૂર્વજન્મની સ્મૃતિની પૃથક્કરણવેળાએ ખૂબ જ સાવધ રહેવું જરૂરી છે. વ્યક્તિ જાગૃતાવસ્થામાં હોય ત્યારે પૂર્વજન્મની કેટલીક યાદ, 'દર્શન', 'દિવાસ્વપ્ન' રૂપે તેને આવે છે.

માનવ-આત્માની સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરવા ને મુકત કરતા આધ્યાત્મિક વિકાસના બધા પ્રકારો પૂર્વભવની સ્મૃતિમાં સહાયક નિવડે છે. પોતાના ગત-જન્મોને આંખ સામે જોતાં કે પરોક્ષ-દર્શન કરનારાઓના કિસ્સા આપણને અજાણ્યા નથી. પૂર્વજન્મની સ્મૃતિને જગાડવાના ઘણા માર્ગો છે. જેવા કે હીપ્નોટિઝમ, અમુક ખાસ ઓસડિયાં, વિશિષ્ટ સંસ્કારો અને યોગ-પદ્ધતિ. પુનર્જન્મની હકીકત પુરવાર કરી આપતા અત્યારે તો એટલા બધા કિસ્સા આપણી પાસે છે, કે બધાની નોંધ લેતાં ગ્રંથો ભરાય.

અને તેથી જ, મારા બીજા આધ્યાત્મિક વિચારક સાથીઓની જેમ, વર્ષોના સંશોધન પછી હું પણ મૃત્યુ પછીની જિંદગીમાં માનતો થયો છું. આપણે માત્ર એકવાર નહિ પરંતુ અનેકવાર આપણા આત્માનો પરમ મોક્ષ સાધવા આ પૃથ્વી પર અવતરતા રહીએ છીએ, અને છેવટે તે પ્રાપ્ત થતાં આપણે માટે નિર્માયેલું શાશ્વત સ્થાન પ્રાપ્ત કરીએ છીએ.

આ સમસ્ત વિષયનું પૂરું અને વૈજ્ઞાનિક સંશોધન કરવાનું મેં માથે લીધું છે. આ સંશોધન પછી મારું તારણ આ જ છે કેઃ આપણામાંની ઘણીખરી વ્યક્તિઓ આ પહેલાં અહીં આવી ગઈ છે અને ફરી પણ અહીં આવવાની છે.... મરણ વખતનું એક ખોળિયું બદલીને જીવાત્મા બીજા જન્મનું નવું ખોળિયું પહેરીને ફરી અવતરે છે. આમ મૃત્યુ એ તો બે જન્મ વચ્ચેની થોડા સમયની વિશ્રાંતિ સિવાય કશું જ નથી.

**(૧૭) શ્રી રોહાના તૈયબજી**

શ્રી રોહાનાને મેં ફળો ભેટ આપ્યાં. તેણીએ આભાર કહીને સામે બિરાજમાન એવા શ્રીકૃષ્ણની પ્રતિમાના ચરણે ફળ મૂકીને, મસ્તક નમાવીને, પ્રાર્થના કરી ને ફળો ટોપલીમાં મૂકી દીધા.

આ કૃષ્ણની પ્રતિમા ઉપર એમણે પુષ્પો ચડાવ્યા હતાં. તેમની સામે બેઠાં હતાં. બાજુમાં ગીતા, ઉપનિષદ્ આદિ ગ્રંથો પણ હતા. એક મુસ્લિમ કુટુંબમાં તેણી જન્મ પામીને પણ શ્રી કૃષ્ણની ઉપાસના એટલે મૂર્તિ પૂજા કરતાં જોઈને મારું મસ્તક શ્રદ્ધાના ભારથી તેણીના ચરણમાં ઝૂકી ગયું.

મેં પૂછ્યું કે,'દેશમાં દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી નાસ્તિકતાનું શું કારણ છે? તેણીએ ગંભીર થઈને જણાવ્યું કે, ભાઈ સાહેબ ! **યોગી જ્યાર ભોગીને માર્ગદર્શક માનીને, એની પાસેથી કંઈક શીખવાનો પ્રયત્ન કરે, ત્યારે જાણી લેવું કે હવે ઘોર કલિયુગ આવી ગયો છે.** જેથી અત્યાચાર, ભ્રષ્ટાચાર અને પાપાચાર વધી જશે. **ભારત એક ધર્મપ્રાણ યોગીનો દેશ છે. અન્ય પશ્ચિમી દેશો ભોગપ્રધાન દેશો છે,** તેઓ ભૌતિકવાદીઓનું કેન્દ્ર છે. ભારતની ભૂમિ પર ભગવાનનાં મંગલમય ચરણ પડ્યાં છે. એની પવિત્ર ધરતી પર સ્વયં શ્રીકૃષ્ણે અવતાર લઈને લીલાઓ કરી છે. ત્યાગ અને વૈરાગ્યનું ભારત કેન્દ્ર રહ્યું છે. આથી **ભોગી એવા પશ્ચિમના દેશો આપણી પાસેથી શીખે એ બરોબર છે. પણ જો એથી ઊલટું યોગી એવા આપણે, એ ભૌતિકવાદી ભોગીઓની પાછળ દોડીએ, તો એનું પરિણામ શું આવે?** તેની કલ્પના કરી જુઓ. આજે એ જ પ્રમાણે બરાબર થઈ રહ્યું છે. ઊલટી ગંગા વહી રહી છે. જ્યાં એક વખત પશ્ચિમી દેશો, ભારતને ધર્મભૂમિ, યોગીઓનો મહાન



પવિત્ર દેશ માનીને, એની પાસેથી શીખતા હતા. અને એના પ્રત્યે અખંડ શ્રદ્ધા રાખતા હતા. ત્યાં આજે આપણે ભારતીઓ ઊલટા ભોગી દેશોને ગુરુ માનીને, એમનું આંધળું અનુકરણ કરવામાં ગૌરવ સમજીએ છીએ. દેશના અધઃપતનનું આ જ કારણ છે.

મેં પૂછ્યું કે, તમે મુસ્લિમ હોવા છતાં ક્યારથી શ્રીકૃષ્ણની ઉપાસના કરો છો? રોહાનાબહેને કહ્યું કે, બેટા! સાચું છે કે મારો જન્મ મુસ્લિમ ગૃહમાં થયો, પરંતુ મારા સંસ્કાર ૮૦ ટકા હિન્દુના છે. એ સાચું છે કે અસલ અમે હિન્દુ જ હતા. ક્યાંય પણ બહારથી નથી આવ્યા. હું બાળપણથી જ પુનર્જન્મમાં માનું છું. હું ગૃહના વાતાવરણથી કંઈક જુદી જ આશ્ચર્યમય, અને આધ્યાત્મિક એકલતા અનુભવ કરતી હતી. જ્યારે હું ૮ વર્ષની હતી, ત્યારે કોઈએ કહ્યું કે,'હિન્દુઓ મૂર્તિપૂજક છે' ત્યારે મેં ગુસ્સે થઈને જણાવ્યું કે, તેઓ મૂર્તિની પૂજા નથી કરતા, પરંતુ એની પાછળ જે ભાવના છે, તેનું પૂજન કરે છે. મૂળ વાત એ છે કે મારામાં રહેલ ગતજન્મના સંસ્કારોના કારણે શ્રીકૃષ્ણની ભક્તિ મને મળી છે. મારાં કુટુંબીઓ મને ગીતા વાંચતી જોઈ અને શ્રી કૃષ્ણની ભકિતના ભજન ગાતી જોઈને; ધર્માંધતાના કારણે મારા ઉપર ખૂબ નારાજ રહેતા હતા. પરંતુ પૂર્વજન્મના સંસ્કાર જ આ સર્વ કંઈ કરવા મને મજબૂર કરતા હતા.

મેં પૂછ્યું કે, શું ભક્તિ માટે મૂર્તિપૂજા એટલે ઉપાસનાની આવશ્યકતા છે? રોહાનાએ કહ્યું, મૂર્તિપૂજા ભગવદ્પ્રાપ્તિ માટે સૌથી પ્રથમનું અને આવશ્યક સાધન છે. જે સમયે આપણે મૂર્તિની શાસ્ત્રીય પદ્ધતિથી પ્રાણપ્રતિષ્ઠા કરીએ છીએ, મંત્રોચ્ચાર કરીએ છીએ, તે સમયે તે મૂર્તિ સામાન્ય મૂર્તિ રહેતી નથી, એમાં અલૌકિક શક્તિ પ્રવેશ કરે છે. જે સમયે આપણે મૂર્તિની સમક્ષ જલાંજલી આપીએ છીએ, ત્યારે આપણા શરીરનું જલતત્ત્વ પવિત્ર થાય છે. દીપક કરવાથી વાયુ પવિત્ર બને છે. શંખ-ઘંટ-ઝાલરોના ધ્વનિથી આકાશતત્ત્વની શુદ્ધિ થાય છે.

મેં પૂછ્યું કે, શું તમે મંત્રશક્તિ પર પણ વિશ્વાસ રાખો છો? રોહાનાએ કહ્યું કે, બેટા! મંત્રોમાં ઘણી વાર અપાર શક્તિ હોય છે. 'મહામૃત્યુંજય' જપથી તો ભારે ઘોર આપત્તિ પણ ટળી જાય છે ! આપણી પ્રાચીન સનાતન સંસ્કૃતિને ભૂલીને પશ્ચિમનું આંધળું અનુકરણ આપણે કરી રહ્યા છીએ. **અંગ્રેજી શિક્ષણથી ભારતીયતાની ભાવના ઓસરતી જાય છે.**

બહેન રોહાનાજી હિન્દુદર્મના પુનર્જન્મના સિદ્ધાંતમાં વિશ્વાસ રાખે છે. કોઈ પ્રશ્ન કરે કે, તમારી પાસે શું સાબિતી છે કે, આત્મા મૃત્યુ પછી બીજીવાર જન્મ ધારણ કરે છે ? રોહાનાએ કહ્યું કે, આનો જવાબ મારી પાસે એ છે કે, કંઈ જ નથી.

પરંતુ વળતાં હું પૂછીશ કે આપની પાસે કોઈ સાબિતી છે કે આત્મા ફરી જન્મ ધારણ કરતો નથી. આ અંગે સામાન્ય જવાબ એ હોય છે કે, સાબિતી તો નથી. પરંતુ પુનર્જન્મની વાતો કેવળ ભ્રમ લાગે છે. આવો ઉત્તર આપનારને કહેવું પડશે કે, તમને કંઈ અભ્યાસ નથી કે નથી અનુભવ. તમે તુરત જ ભ્રમ માની લીધા. જો એ ભ્રમ છે, તો હું મહાન ભવ્ય ભ્રમવાળાઓની હરોળમાં છું. સર્વ જગતગુરુ, સર્વ આધ્યાત્મિકપંથી, સમગ્ર દુનિયાના સાધુસંત, બધા જ સિદ્ધ અનુભવીઓ અને અસંખ્ય સામાન્ય માનવીઓ એક જ વાત કરે છે કે, મૃત્યુ એ દેહ મુક્તિ છે. પરંતુ કોણ શ્રદ્ધાપૂર્વક પોતાના અનુભવના આધારે કહી શકશે કે મૃત્યુ સર્વનાશનું બીજું નામ છે? એક બાજું પોતાનો અનુભવ છે. બીજી બાજું કેવળ અજ્ઞાન છે. આમ છતાં મને તો સ્વયં મારા જીવનમાં પુનર્જન્મની સત્યતાનો અનુભવ થયો છે.

રોહાના બહેને ૨૦-૨૧ વર્ષની ઉંમરે, માંસ, માછલી જેવી તામસી ચીજોને ત્યજી દીધી હતી. ફક્ત સાદું ભોજન લે છે- **શિવકુમાર ગોયલ**

## ★ અનુમોદનાનો અમૃત થાળ ★★★

**-સંકલન**

**અમદાવાદ - ટોળકનગર**

અમદાવાદ - પાલડી - ટોળકનગર - **ધર્મતીર્થ પ્રભાવક ધર્મોદ્યાન**ના આંગણે પૂજ્યપાદ વાત્સલ્યવારિધિ આ.ભ.**શ્રીમદ્વિજયનરચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા તથા પૂ.આ.ભ.**શ્રીમદ્ વિજયકુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની નિશ્રામાં થયેલ પર્વાધિરાજની આરાધનાનો સંક્ષિપ્ત અહેવાલ.

ધર્મતીર્થપ્રભાવક પૂજ્યપાદ સ્વ. ગુરુદેવ આ.ભ.**શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની સમાધિભૂમિ** (૧૭, ટોળકનગર) પર તેઓશ્રીની દિવ્યકૃપાથી કોરોના વાયરસની મહામારીની વર્તમાન પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ઉભય પૂજ્યોની નિશ્રામાં ટ્રસ્ટી જ્યોતીન્દ્રભાઈ તથા ચંપકભાઈ વગેરેની મહેનતથી આસપાસ - ચોપાસ વસતા ભાવિકોની આરાધના સુંદર થઈ.

શખલપુરથી પધારેલા સંપ્રતિ કાલીન મનમોહક ભગવાનની ભક્તિ કરવા ભાવિકો સારી મોટી સંખ્યામાં આવતા. રોજ અંગારચનાદિ થતાં.

૧૮ નં. ના બંગલાના પરિસરમાં બાંધેલા ડોમમાં પ્રવચન - પ્રતિક્રમણાદિ થતાં હતાં. સવાર-સાંજ બે - બે કલાકનાં પ્રવચનોમાં તથા પ્રતિક્રમણમાં લગભગ ૧૫૦ જેટલા ભાવિકો લાભ લેતા. પૂજા કરવા લગભગ ૨૫૦ જેટલા પુણ્યશાળીઓ પધારતા. કલ્પધર તથા જન્મ વાંચનમાં લગભગ ૩૦૦-૩૫૦ ભાવિકો પધાર્યા હતા. બારસાસૂત્ર શ્રવણમાં ૪૦૦ તથા સંવત્સરી પ્રતિક્રણમાં ૨૨૫ પુણ્યશાળીની



હાજરી હતી. દેવદ્રવ્ય - જ્ઞાનદ્રવ્ય - જિનભક્તિ સાધારણ - સર્વસાધારણ - જીવદયાદિની ટીપ - ઊપજ તથા પ્રતિક્રમણનાં સૂત્રોની બોલી સમયાનુસાર સારી થવા સાથે લગભગ તુરંત ભરાઈ જતી. તમામ આરાધના નિર્વિઘ્ને થઈ.

ટોળકનગરમાં પૂ.આ.ભ.શ્રી કુલચન્દ્ર સૂરીશ્વરજી મહારાજે પ્રવચનો કર્યા. બાકી પૂ.પ. ધર્મતિલક વિ.જી ગણિવર, પૂ.મુ.શ્રી શાસનરતિ વિ.મ., પૂ.મુ.શ્રી અક્ષયચન્દ્ર વિ.મ. આદિએ ભિન્ન - ભિન્ન ક્ષેત્રોમાં આરાધના કરાવી હતી. ભિન્ન-ભિન્ન જગ્યામાં રહેલ શ્રમણી ભગવંતો પણ ટોળકનગર પ્રવચનાદિમાં પધારતાં હતાં.

પરમાત્મા ઉપરાંત પૂજ્યપાદ ગુરુદેવના પરમાણુંઓ બળ આપી રહ્યા છે. પૂજ્યશ્રીનો પ્રભાવ આજે પણ અનુભવવા મળે છે. તેઓશ્રીની દિવ્યકૃપા સતત વરસતી જ રહે એવી પ્રાર્થના.

**મૈસૂર** : પૂજ્યપાદ આ.ભ.**શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા** આદિ શ્રમણ-શ્રમણી ભવગંવતો સુખ શાતામાં છે.કોવિડ-૧૯ના કારણે પ્રવચનાદિ સામુદાયિક આરાધનાઓ બંધ છે. સ્વાધ્યાયાદિ ચાલું છે. વિવેકી ટ્રસ્ટીઓ-શ્રાવકો કાળજી લે છે.

ધ

## નૂતન પ્રકાશનો

વિ.સં. ૨૦૭૫ના બેંગલોરના ચોમાસામાં માંગણી ઉભી થતાં 'રાત્રિભોજન મહાપાપ' પુસ્તકની હિંદી અને અંગ્રેજી આવૃત્તિની ૨૦૦૦-૨૦૦૦ નકલો છપાવી. એક જ ભગ્યશાળીએ એનો લાભ લીધો હતો.

આ વર્ષે મૈસૂર તથા રસ્તામાં ૭૫ દિવસની સ્થિરતા દરમિયાન **'ચાતુર્માસિક તથા જીવનના નિયમો'** અને **'પ્રતિક્રમણ વિધિના રહસ્યો'** એ બંને ગુજરાતી પુસ્તકોનાં હિંદી સંસ્કરણની માંગ આવતાં તે બંને પુસ્તકોનું પ્રકાશન મૈસૂરમાં થયું. પ્રતિક્રમણવાળા પુસ્તકોનો લાભ તિરપાત્તુરના એક અનામી ગુરુભક્તે લીધો, જ્યારે નિયમાવલીના પુસ્તકોનો લાભ એક ભાગ્યશાળીને લેવો હતો પરંતુ ત્રણ ભાગ્યશાળીઓની વિનંતિ આવતાં ત્રણેને લાભ અપાયો. પુસ્તકો પુરાં પણ થઈ ગયાં......!!

લાભાર્થી પરિવારોને ગ્રંથમાળા તરફથી ધન્યવાદ. શ્રુતભક્તિની અનુમોદના.

## ખુશ થયેલા શું આપે ?

**देशाधीशो ग्राममेकं ददाति,**

**ग्रामाधीशं क्षेत्रमेकं ददाति ।**

**क्षेत्राधीशं प्रस्थमेकं ददाति,**

**नन्दस्तुष्टो हस्ततालिं ददाति ।।**

દેશનો રાજા ખુશ થાય તો એકાદ ગામ આપે, ગામનો માલિક ખુશ થાય તો એકાદ ખેતર બક્ષિશમાં આપે, ખેતરનો સ્વામી ખુશ થાય તો એકાદ પ્રસ્થ અનાજ આપી દે, જ્યારે ખુશ થયેલો નંદ (!) તો માત્ર હાથતાલી જ આપે ! વિશેષ કાંઈ ન આપે.